
## વડીલોને વંદન અભિનંદન



દામિનીબેન એ. શાહ
(૧૯૫૬) મો.૯૪૦૮૮૬૬૬૨૨



જગદીશચંદ્ર કે. સુખડીયા
(૧૯૫૦) મો.૯૮૭૯૦૯૬૫૩૬

# સૂચનાઓ છતાં કેટલાક વિભાગોની વેબસાઈટો હજુ પણ અપડેટ નથી

ગાંધીનગર, તા. ૧૪
કેટલાક વિભાગો દ્વારા વેબસાઈટોનું અપડેટ કરીને અદ્યતન કરવામાં નહીં આવતા આ અંગે રાજ્ય સરકારે સંબંધીત વિભાગોને તેમની વેબસાઈટો અપડેટ કરવા માટે કડક તાકીદ કરવામાં આવી છે.

વિદ્વાન અને પ્રોદ્યોગિક વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સરકારી કચેરીઓને પેપરલેસ કરવા માટે કોમ્પ્યુટરરાઈઝેશન કરવામાં આવ્યા બાદ વિભાગોની કામગીરી યોજનાઓની વિગતો અને જાણકારી આમ પ્રજા ઘરે બેઠા જાણી શકે તે માટે તમામ વિભાગો દ્વારા પોત પોતાની વેબસાઈટો તૈયાર કરીને વેબસાઈટો પર વિભાગોની યોજનાઓ કામગીરીની વિગતો મુકવામાં આવે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવેલી વેબસાઈટોનું અપડેટ કરવામાં આવે છે કે નહી તે અંગે તાજેતરમાં મળેલી એક બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી. આ સમીક્ષા દરમ્યાન એવું ધ્યાન પર આવ્યું હતું કે કેટલાક વિભાગો દ્વારા વેબસાઈટો અપડેટ કરવામાં આવતી નથી અને તેના કારણે આમ પ્રજાને વિભાગોની લેટેસ્ટ વિગતો જાણવા મળી શકતી નથી.

વિજ્ઞાન અને પ્રોદ્યૌગિક વિભાગ દ્વારા તાજેતરમાં વેબસાઈટના મુલ્યાંકન મોનીટરીંગ અને ફીડબેક રીપોર્ટ અંગેનું એક પ્રેઝન્ટેશન સરકાર સમક્ષ રજુ કરવામાં આવ્યું હતુ. જેમાં વેબસાઈટના મૂલ્યાંકન માટે એ+, એ, બી+, બી અને સી જેવી કેટેગરી નક્કી કરીને તેના માર્કસ આપવામાં આવેલ છે. આ વિભાગ દ્વારા હાલ હયાત ૨૧૮ વેબસાઈટનું ઉક્ત કેટેગરી મુજબ મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

પ્રત્યેક ૬ માસે વેબસાઈટનું સિક્યોરીટી ઓડિટ કરવા પાંચ વર્ષના અંતે સ્ટેટ ડેટા સેન્ટર ઉપર મુકવામાં આવેલ વેબસાઈટનું મૂલ્યાંકન કરી તેમાં યોગ્ય જણાય તેવા ફેરફારો કરી નવેસરથી વેબસાઈટ તૈયાર કરવા માટેની કાર્યવાહી હાથ ધરવા વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

વિજ્ઞાન પ્રોદ્યોગિક વિભાગ દ્વારા એ+ કેટેગરીમાં વેબસાઈટ લઈ જવામાં આવે તેવા પ્રયત્નો કરવા પણ તમામ વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત વેબસાઈટ ઉપર મુકવામાં આવતી વિગતો ગુજરાતી ઉપરાંત અંગ્રેજીમાં અને હિન્દી ભાષામાં પણ મુકી શકાય કે કેમ તે અંગે મુલ્યાંકન કરી વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ સાથે પરામર્શ કરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી છે.

જે વિભાગોની વેબસાઈટો અપડેટ નથી તે વેબસાઈટોને તાકીદે અપડેટ કરવા માટેની કડક તાકીદ કરવામાં આવી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ઢુવા માર્ગમાં સાઈડો નહી પુરાતા ઠેર ઠેર ધોવાણ

ડીસા રેલવે સ્ટેશનથી ઢુવા તરફ જતો રોડ માસ અગાઉ રીપેર કરાયો હતો પરંતુ બંને તરફથી સાઈડોમાં માટી નહી નાખવાથી ચોમાસામાં આ માર્ગ ધોવાઈ ગયો છે. આ માર્ગ પર સ્ટ્રીટ લાઈટ ન હોવાથી વાહન ચાલકો અવારનવાર તેમાં ખાબકે છે આ બાબતે પીડબલ્યુ વિભાગમાં જાણ કરાઈ છે છતાં કોઈ કાર્યવાહી કરેલ નથી ત્યારે આ માર્ગ પર કોઈ જીવલેણ અકસ્માત થાય તે પહેલા બંને સાઈડો માટી વડે પુરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## રાણીઓડ ગામે સામાન્ય તકરારમાં રૂ. ૧૨૦૦ની લૂંટ કરી માર માર્યો

હિંમતનગર, તા.૧૪
શામળાજી નજીક આવેલા રાણીઓડ ગામે રહેતા એક યુવક અને અન્ય ચાર શખ્સો વચ્ચે જમીનમાં ખેડવા બાબતની સામાન્ય તકરાર થઈ હતી. જેમાં ચાર શખ્સોએ એક યુવકને ગડદાપાટુ તેમજ લાકડીથી માર મારી તેના ખિસ્સામાંથી રૂ. ૧૨૦૦ લૂંટી લીધા હતા. બનાવ અંગે ગુરૂવારે શામળાજી પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી મહિતી મુજબ ભિલોડા તાલુકાના રાણીઓડ ગામે રહેતા નાનજીભાઈ કમજીભાઈ નિનામાના સર્વે નંબર ૩૦/૨ની જમીનમાં ગામમાં રહેતા ચાર શખ્સો ગત મંગળવારે ખેડી રહ્યા હતા. દરમિયાન આ શખ્સોને નાનજીભાઈ કમજીભાઈ નિનામાએ ખેતરમાં ખેડવાની ના પાડતા આ શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને નાનજીભાઈને અપશબ્દો બોલી ગડદાપાટુનો તેમજ લાકડીથી માર મારી ખિસ્સામાંથી રૂ. ૧૨૦૦ કાઢી લઈ મારી નાખવાની ધમકીઓ આપી હતી. જેથી નાનજીભાઈ કમજીભાઈ નિનામાએ શામળાજી પોલિસ સ્ટેશનમાં ચાર જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સઘન સુરક્ષા વચ્ચે આજે તાજીયા જુલુસો નીકળશે

અમદાવાદ, તા.૧૪
અમદાવાદ શહેરમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આવતીકાલે ૧૫મીએ યોમે અસુરા અને તાજીયાના જુલુસ નિકળશે. કોઈ પણ અનિચ્છનિય બનાવને રોકવા માટે તમામ તૈયાર કરવામાં આવી છે. જમાલપુરમાં આવતીકાલે તાજીયાની જુસ્સાભેર તૈયારી આજે જારી રહી હતી. આજે કતલની રાત રહી હતી.

તાજીયા કમિટીના અગ્રણીઓ જે.વી. મોમીન તથા ચુન્ના માસ્તર જણાવ્યુ છે કે ઈસ્લામ ધર્મના મહાન પૈગમ્બર હજરત મોહમ્મદ (સ.અ.)નો દોહીત્ર (નવાસા) હજરત ઈમામહુસેન તથા તેમના ૭૨ સાથીઓએ માનવતાના મુલ્યો તથા શાશ્વત મુલ્યોને બચાવવા તેમને વહોરેલી ભવ્ય શહાદતની યાદમાં તાજીયા જુલુસ કાઢવામાં આવે છે.

અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શીવાનંદ ઝા તથા અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાજીયા જુલુસ પહેલા સુરક્ષા મામલે ચર્ચા વિચારણા કરી ચુક્યા છે. કાયદા અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખી આ વર્ષના તાજીયાના જુલુસમાં ૯૩ તાજીયા, ૩૨ અખાડા, ૭૮ ઢોલ તાસા પાર્ટીઓ, ૧૨ ટ્રક, ૧૬ ઉંટ ગાડી, ૧૪ નિશાન પાર્ટી, ૧૦ માતમી દસ્તાઓની પરવાનગી આવી છે. આ જુલુસ પરંપરાગત રીતે વર્ષોથી નિકળતા રૂટની જ પરવાનગી આપવામાં આવી છે. એટલે કે મધ્યઝોનમાં આવેલ ભદ્ર પ્લાઝાવાળા માર્ગથી થઈ ભદ્ર કાળી મંદિર થઈ ટેલીગ્રાફ ઓફીસ પાસેથી જુના એડવાન્સ સિનેમા થઈ વીજળી ઘર પાસે શહેરના બીજા જુલુસોને મળશે. મન્નતના તાજીયાવાળા ભાઈઓને વિનંતી કે તેઓ ૪ ફુટથી નાના તાજીયા બનાવે તેમજ સવારે વહેલા નિકળી બપોરના ૧:૦૦ વાગ્યા પહેલા તેમના તાજીયાની વિધી સંપૂર્ણ કરે. અમદાવાદ શહેરના જુદા જુદા તાજીયાઓ પોતપોતાના વિસ્તારમાંથી મુખ્ય રાજમાર્ગ ઉપર આવી ચાર ગ્રુપમાં વહેંચાઈ જાય છે એ ચાર ભવ્ય જુલુસો વીજળી ઘર પાસે આવી એક મોટા જુલુસ (સરઘસ)ના રૂપમાં ફેરવાઈ જાય છે.



શહેરના માનસરોવર ફાટક નજીક આવેલા ખોડીયાર નગર નવરંગ સોસાયટીમાં આજરોજ સવારે દસેક વાગ્યાના સુમારે વીજ ડીપીમાં ફોલ્ટ થતા એકાએક આ વિસ્તારના ૧૫ થી ૨૦ જેટલા મકાનોના વીજ ઉપકરણો બળી ગયા હતા. જેમાં ખાસ કરીને ૧૦ થી ૧૫ જેટલી ટીવીઓને ભારે નુકશાન થયું હતું. આમ સવારે એકાએક ડીપી ઉપર વીજ ફોલ્ટ થતા સ્થાનિક રહીશો ચોંકી ઉઠ્યા હતા અને પોતાના વીજ ઉપકરણોના નુકશાન માટે વીજ કંપનીને જવાબદાર ઠેરવી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ચોરીમાં સંડોવાયેલો શખ્સ પકડાયો

હિંમતનગર, તા. ૧૪
પ્રાંતિજની સ્વામીનારાયણ સોસાયટીમાં થોડા સમય અગાઉ થયેલી ઘરફોડ ચોરી સંદર્ભે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદને આધારે પોલીસે ગુરૂવારે ચોરીમાં સંડોવાયેલા મધ્યપ્રદેશના એક શખ્સને પકડી લાવી જેલમાં ધકેલી દીધો છે. આ અંગેની વિગત એવી છે કે પ્રાંતિજની સ્વામીનારાયણ સોસાયટીમાં નવરાત્રી દરમિયાન એક મકાનમાં ચોરી થઈ હતી. જેમાં અજાણ્યા ઈસમો ઘર વખરી રફેદફે કરી સોના-ચાંદીના દાગીના સહિત રોકડ લઈ ગયા હતા. જે અંગેની ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાતા પી.એસ.આઈ. એ.આર. શાહે બાતમીને આધારે મધ્યપ્રદેશના ધાડ જિલ્લામાં આવેલા નોડવાલી ગામના દિનેશ સુરસિંહ મોતલાને પકડી પાડ્યો હતો.

# ભાજપના લોકસભા બેઠક દીઠ સ્નેહમિલન કાર્યક્રમો કોંગ્રેસના જિલ્લાવાર સ્નેહમિલન કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૧૪
આગામી લોકસભા ચૂંટણીની તૈયારીના ભાગરૂપે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ સ્નેહમિલન કાર્યક્રમો દ્વારા કાર્યકરોને ચૂંટણીની તૈયારી માટે કામે લાગી જવા માટે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો દ્વારા તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. ચૂંટણી માટે કાર્યકરો લાગી જાય તે માટે કાર્યકરોમાં ઉત્સાહ અને ઉર્જા જગાવવા બંને પક્ષો દ્વારા કાર્યકર સંમેલનો શરુ કરવામાં આવ્યા છે.

ભાજપ દ્વારા લોકસભા બેઠક દીઠ કાર્યકરોના સ્નહમિલન કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ સ્નેહમિલન કાર્યક્રમને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વીડીયો કોન્ફરન્સ દ્વારા કાર્યકરોને સંબોધન કરીને આગામી લોકસભા ચૂંટણીના કામે લાગી જવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અત્યાર સુધીમાં ચાર દિવસ દરમિયાન તમામ ૨૬ લોકસભા બેઠકોમાં દોઢ લાખ કાર્યકરો સાથે વાતચીત કરી હતી.

ભાજપ દ્વારા લોકસભા બેઠક દીઠ કાર્યકરો સાથે સ્નેહમિલન કાર્યક્રમો યોજાયા હતા તો બીજી બાજુ કોંગ્રેસ નેતાગીરી દ્વારા જિલ્લાવાર કાર્યકરો સાથે સ્નેહમિલન કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. રાજયના તમામ જિલ્લાઓમાં અને ત્યારબાદ તાલુકા દીઠ કાર્યકર સ્નેહમિલન કાર્યક્રમો યોજીને કાર્યકરો સાથે સીધો સંપર્ક સાધવામાં આવી રહ્યો છે.

ભાજપ હાઈટેક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઝડપી લોકસંપર્ક કરવામાં આવી રહ્યો છે તો કોંગ્રેસ દ્વારા ટેકનોલોજીના ઉપયોગ વગર સંપર્ક કરવામાં આવી રહ્યો છે.

## વડાગામમાંથી ટ્રકની ચોરી થતા વાહનના માલિકોમાં ફફડાટ

વડાગામ, તા.૧૪
અરવલ્લી જિલ્લામાં વડાગામમાં સ્કુલ આગળ પાર્ક કરેલી રૂ. ૬ લાખની કિંમતનું ડમ્પર ટ્રકની ઉઠાંતરી થતા ધનસુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે ઉઠાંતરી ટોળકીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ વડાગામ ખાતે રહેતા રમેશ પુરુષોત્તમભાઈ પટેલ ટ્રક વડાગામની સ્કુલ આગળ પાર્ક કરેલી. ટ્રક નંબર જીજે૧૮-એકસ ૯૮૮૯નો ચાલક ટ્રક મુકીને રાત્રે પોતાના ઘરે ગયો હતો ત્યારબાદ સવારમાં પાર્ક કરેલી ટ્રક જોવા મળી ન હતી. જેથી ટ્રકના માલિકને અંદેશો આવી ગયો હતો કે ટ્રકની ઉઠાંતરી કરવામાં આવી છે. જેની ફરિયાદ ધનસુરા પોલીસ સ્ટેશનમાં કરાતા ધનસુરા પોલીસે ઉઠાંતરી કરતી ટોળકીને પકડી પાડવા અને ચોરીની કાર્યવાહી હાથ ધરી છે.



પાલનપુર શહેરનાં કિર્તીસ્તંભ વિસ્તારમાં ગરમ કપડા માટે લગાવવામાં આવેલા સ્ટોલ દીઠ નગરપાલિકા દ્વારા વહીવટી ચાર્જ વસુલ કરી જગ્યા ફાળવવામાં આવતા વેપારીઓએ ખુશી અનુભવી હતી. આજરોજ પાલનપુર નગરપાલિકાના ઉત્સાહી પ્રમુખ હસમુખભાઈ પઢીયાર તેમજ ચીફ ઓફીસર યુ.ડી.સિન્ધાએ પ્રજાના હિતમાં નિર્ણય લઈ કિર્તિસ્તંભથી પાવર હાઉસ સુધીની જગ્યા ઉપર ગરમ કપડાના સ્ટોલ આપી તેઓની પાસેથી સ્ટોલ દીઠ રૂપિયા ૩ હજાર વહીવટી ચાર્જ વસુલ કરવાનો નિર્ણય લેવામાં આવતા વેપારીઓએ પણ આ નિર્ણયને આવકારી લઈ શહેરના હિતમાં સહયોગ આપવાની તત્પરતા વ્યકત કરી હતી. આ અંગે નગરપાલિકા દબાણ શાખા સુપરવાઈઝર ભરતભાઈ જોષીએ જણાવ્યું હતું કે નગરપાલિકા દ્વારા ગરમ કપડાના સ્ટોલ દીઠ ત્રણ હજાર રૂપિયા વહીવટી ચાર્જ વસુલ કરી તે પાલિકામાં જમા કરાવી વેપારીઓને પાવતી આપવામાં આવશે. આમ પાલિકા પ્રમુખ સહિતની ટીમનાં પારદર્શક વહીવટી કાર્યથી પ્રજામાં વિશ્વાસનો મત પેદા થયો હતો. જે કાર્યો આગામી ચુંટણીમાં ભાજપને ફાયદારૂપ પણ બની શકે છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## શબ્દાવલી - ૫૨૨૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | | ■ | ૧૨ | | ■ |
| | ■ | ૧૩ | | ■ | | ■ | ૧૪ |
| ૧૫ | | | ■ | ૧૬ | | ૧૭ | |
| ■ | ■ | ૧૮ | ૧૯ | | | | ■ |
| ૨૦ | | | | ■ | ૨૧ | | |
| | ■ | ૨૨ | | | | | ■ |

### આડી ચાવી

૧. મજબુરી (૪)
૪. ગણિતની ઉપયોગી સંખ્યા (૩)
૭. ઈંટના કટકા (૨)
૮. ભય, બીક (૨)
૧૦. મોકો, તક (૨)
૧૧. પોતાના જ વખાણ કરવા (૫)
૧૩. યાત્રાળુ (૨)
૧૫. કડક (૩)
૧૬. કામ કરવાની વૃત્તિ વગરનું (૪)
૧૮. કાઢવું, ... કરવો (૩)
૨૦. દૂધ ફાડીને બનાવાતી એક વાનગી (૩)
૨૧. બરાબરીયું (૫)

### ઊભી ચાવી

૧. માત્ર દે ખિતો વિરોધ (૫)
૨. બટેકા-દાળ વગેરેના ભજીયા (૨)
૩. તાડના પાનનું છાજ (૪)
૫. એક ધાતુ (૩)
૬. કઠોળ (૨)
૯. અવાજ, શોર (૨)
૧૧. આવરો-જાવરો, લાવવું-મોકલવું (૬)
૧૨. 'ડામર' શબ્દ આડોઅવળો (૩)
૧૪. પાણી, જળ (૨)
૧૬. આવનારો આજ પછીનો દિવસ (૪)
૧૭. ચાર પાનાનું છાપુ (૪)
૧૯. ભયંકર, કરૂણ (૩)
૨૦. ચરણ (૨)
૨૧. રજા... મજા... (૨)

### શબ્દાવલી ૫૨૨૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) અજમાવવું (૨) તમા (૪) કબર (૫) ઘરડાઘર (૯) ડફડાઘર (૯) ડફ (૧૦) ડણક (૧૧) સરકણુ (૧૩) કાણમોકાણ (૧૫) કોર (૧૬) ડાબો (૧૭) તસુ (૨૦) મમ (૨૧) મહાવત (૨૨) આસન
**ઊભી ચાવી :-** (૧) અણઘડ (૨) તબડક (૩) મારકણુ (૬) રણકાર (૭) ડાકણ (૮) રસકાબોળ (૧૨) રણ (૧૪) મોડા (૧૫) કોલમ (૧૭) તમસ (૧૮) સુમન (૧૯) દાવ

## ત્રણ ચંદ્રકો જીત્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ
આવેલી ચીફ પોસ્ટ માસ્તર જનરલની ગુજરાત સર્કલ ઓફિસમાં સ્પોટ્ર્સ ડેવલપમેન્ટ ઓફિસર તરીકે તેમની સેવાઓ આપી રહેલ છે. ગાંધીનગર સમાચાર સાથેની તેમની ખાસ મુલાકાતમાં તેમણે ૨૦૦૨ની સાલમાં ત્રણ સુવર્ણચંદ્રક જીતવાની ઘટનાને તેમની કારકિર્દીની અત્યાર સુધીની યાદગાર પળ હોવાનું જણાવતા તેમણે તમામ દીકરીઓના માતા-પિતાને પુત્રીઓના મનોબળને વધારવામાં મદદરૂપ થવાનો સંદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે બાળક હંમેશા શક્તિનો સ્ત્રોત હોય છે માટે જો તેને પરિવારમાંથી જેવું તેમને મળ્યું તેવી રીતે યોગ્ય માર્ગદર્શન અને હિંમત મળે તો દરેક દીકરી પણ તેમની જેમ કુળની નામના વધારી શકે છે. તેમણે દરેક મા-બાપને પોઝીટીવ વિચારો અને વાતાવરણ અપનાવવા જણાવ્યું હતું. જેથી બાળકના મનમાં પેદા થતી નકારાત્મકતા પર તેનું ધ્યાન જશે નહી તેવું તેમનું માનવું છે. આ મુલાકાતમાં તેમણે તેમની શાળા ગુરૂકુલને પણ યાદ કરતાં જણાવ્યું હતું કે પહેલા જે શિક્ષકો મને વિકલાંગતાના કારણે નબળી સમજતા હતા તેઓ પછી જ્યારે તે ટૂર્નામેન્ટમાં મેડલ જીતીને આવતી ત્યારે આખી સ્કૂલને એક દિવસની રજા આપી દેતા હતા. તેમણે તેમની આ યશસ્વી કારકિર્દી માતા-પિતાને આભારી હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.

આ પેરા બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપ-૨૦૧૩માં તેમની સાથેના ૨૦ ખેલાડી ઉપરાંત સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ડાયરેક્ટર સુરેન્દ્રસિંહ, બેડ મિન્ટન એસોસીએશનના ચીફ સેક્રેટરી ટી. રમેશ તેમજ અન્ય અધિકારીઓમાં રમેશભાઈ અને એસ.પી. દાસ સામેલ હતા.

## જુહાપુરાના વિશાલા સર્કલ પર ચોરીનો પ્રયાસ કરનાર શખસની ધરપકડ થઈ

અમદાવાદ, તા.૧૪
ગતરાત્રીના શહેરના વેજલપુર પોલીસમથકના અધિકારીઓ મિલકત સંબંધી ગુનાઓ ઉકેલવા માટે વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે દરમિયાન એક શકમંદ ઈસમને પકડીને પૂછપરછ કરતા તેણે થોડા દિવસ અગાઉ જુહાપુરાના વિશાલા સર્કલ પાસેથી ચોરીનો નિષ્ફળ પ્રયાસ કર્યો હોવાની વાત કબૂલી છે. ઈસમનું નામ પરવેઝ ઉર્ફે કાણા યુનુસભાઈ શેખ દેવાનું જાણવા મળ્યું છે તેણે ગત તારીખ પાંચ નવેમ્બરથી છ નવેમ્બર દરમિયાન જુહાપુરાના વિશાલા સર્કલ પાસેના અલઅમીનપાર્ક ઘર નં-૨માં દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કરતા જતાં એકાએક મકાન માલિક આવી જતાં તે ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ચોરીમાં આરોપીનો ભાઈ અવેશની પણ સંડોવણી હોવાથી અટક કરાઈ હતી.

## લોકસભાનો ચૂંટણી

● અનુસંધાન પહેલાનું ચાલુ
વ્યાસે સંમેલનને સંબોધતા જણાવ્યું હતુ કે જિલ્લાનું સંગઠ્ઠન સંવેદનાના તાંતણે ગુંથાયેલું છે. અહિનો કાર્યકર આજે આવ્યો તેવું નથી બે પેઢીના વારસામાંથી કસાઈને તૈયાર થયેલો કાર્યકર છે તેથી જ અહિ ભાજપ હજુ અહિ પગપેસારો કરી શકવામાં સફળ રહ્યું નથી કદાચ એકાદ-બે વિજયો થયા હશે પણ જિલ્લા પર પક્કડ મેળવી શક્યા નથી.

શ્રી વ્યાસે જણાવ્યું હતું કે ગુજરાતના નાણાં લોકસભાની ચૂંટણી પૂર્વે મુખ્યમંત્રી બેફામ વાપરી રહ્યા છે.

શ્રી વ્યાસે આક્ષેપ કર્યો હતો કે બાજપાઈને ઈન્ડિયા શાઈનીંગના નામે ગુમરાહ કરવાનું કામ પણ આજના આ નેતાઓએ કર્યું હતું હવે વિકાસની વાતોનું માર્કેટીંગ કરવાનો કારસો રચ્યો છે.

ગાંધીનગર જિલ્લાની જિલ્લા કોંગ્રેસ સમિતિ તથા શહેર કોંગ્રેસ સમિતિના ઉપક્રમે નૂતન વર્ષ નિમિત્તે કાર્યકરોનું ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ શ્રી જશુભા રાણાએ સ્વાગત પ્રવચન કરી શુભારંભ કર્યો હતો. જેમાં મંચસ્થ કોંગ્રેસી મહાનુભાવોનું બુકે આપી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમનો દિપ પ્રાગટય વિધિ મા. ગુજરાત કોંગ્રેસ સમિતના અધ્યક્ષશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ સંમેલનમાં કોંગ્રેસી આગેવાનોએ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે જિલ્લા તથા તાલુકા કક્ષાના તમામ કોંગ્રેસના અગ્રણી આગેવાનોમાં જશુભા રાણા, ચીમનભાઈ વીઝુંડા, હિંમાશુભાઈ પટેલ, હરિભાઈ ચૌધરી, ઘનશ્યામભાઈ ઠકકર, માયાબેન દવે, નિશિત વ્યાસ, યાકુબભાઈ મનસુરી, ગાભુસિંહ રાઠોડ, પી.કે. વાલેરી, વી.વી. રબારી, બળદેવજી ઠાકોર, કામીનીબા રાઠોડ તથા અમીતભાઈ ચૌધરી, રાજેન્દ્રસિંહ કુંપાવત, સી.આર. પટેલ, ડૉ. સી.જે. ચાવડા વગેરે કોંગ્રેસી આગેવાનોએ ઉષ્માભર્યું સ્વાગત કરી સર્વે નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ડૉ. સી.જે. ચાવડા તથા મા. અર્જુનભાઈ મોઢવાડિયાએ આગામી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં સર્વે કાર્યકરો સંગઠિત બની કામમાં જોડાવા અપીલ કરી હતી જયારે ગુજરાત સરકારની ઝાટકણી રૂપે ભાષણ કરી સૌને સરકારની કાર્યપ્રણાલિકાથી વાકેફ કર્યા હતા. ત્યારબાદ કાર્યક્રમની આભારવિધિશ્રી મુકેશભાઈ પટેલે કરી હતી. અંતમાં રાષ્ટ્રગીતનું ગાન કરાયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સૌ કોંગ્રેસી કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## ડબલ મર્ડરનો આરોપી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ
મદદથી મર્ડર કરી નાંખ્યું હતું. દાગીના અને ડોલરની લુંટ ચલાવીને ફરાર થઈ ગયા બાદ પોલીસે તેને પકડયો હતો. જેલમાંથી મુદતે લાવ્યા ત્યારે વર્ષ ૨૦૧૨માં તે કોર્ટમાંથી ભાગી ગયો હતો એલસીબીએ તેને પકડીને પુછપરછ કરતા ઘરફોડ ચોરીઓ અમદાવાદ, ગાંધીનગર અને બરોડાની મળીને ૨૪ અને નાસિકમાં ૯ ઘરફોડ ઉપરાંત ત્રણ વાહનચોરી કરી હોવાની કબુલાત કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે રીઢો ઘરફોડીયો બની ગયેલા આમીનની સઘન પુછપરછ કરતાં ઉપરોકત વિગતો પ્રકાશમાં આવી છે.

## લાઈટ ઝબુકતી નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ
સલામત બનાવવા ટ્રાફિક સિગ્નલ ચાલુ કરવાની યોજનાનું પણ બાળમરણ થઈ ગયું છે. શહેરમાં ઘ-૩, ચ-૩ અને વિધાનસભા સહીત વિવિધ ત્રણ સ્થળોએ સિગ્નલ મુકી દેવાયા છે. પરંતુ ટ્રાફિકનો મિજાજ સિગ્નલથી કેળવાય તે પૂર્વે જ ટ્રાફિક સિગ્નલોની જબુકતી લાઈટો બંધ થઈ ગઈ છે. ટ્રાફિક સિગ્નલના મામલે પાટનગરયોજનાના ઈલેક્ટ્રીક વિભાગના અધિકારીઓ તેમજ ટ્રાફિક પોલીસ વચ્ચે બેઠકોના દૌર બાદ પણ સિગ્નલનો મામલો ઠેકાણે આવ્યો નથી. અત્યાર સુધી ૧૫ વાર સિગ્નલનો ટાઈમીંગ સેટ કરવામાં આવ્યો છે. જણાવ્યા પ્રમાણે ટ્રાફિક પોલીસને સિગ્નલનો કબજો સોંપી દેવાયો છે. માત્ર દિવસમાં એકવાર સ્વીચ ઓન ઓફ કરવાના વાંકે કાંઈ થઈ શક્યુ નથી.

**જાહેર હરાજી નિવિદા નં. ૬ (એસ.કે.) સને ૨૦૧૩-૧૪**

કાર્યપાલક ઈજનેરશ્રી, કાસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વોટર ડેટા સેન્ટર બિલ્ડિંગ, સેક્ટર-૮, ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબના બિનઉપયોગી વાહનો, ટાયર - ટ્યૂબોની હરાજીમાં રસ ધરાવતા અને પાન નંબર ધરાવતી એજન્સીઓ, ઈસમો પાસેથી સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૨૨-૧૧-૨૦૧૩ સમય ૧૬.૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય આપવામાં આવશે. ભાવ ભરેલ ભાવપત્રકો તા. ૨૯-૧૧-૨૦૧૩ સમય ૧૬.૦૦ કલાક સુધી ફક્ત રજી.પો.એ.ડી., સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. વધુ વિગતો માટે અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો.

| વિગત | (૧) ભાવપત્રક ફી (૨) બાનાની રકમ |
|---|---|
| બિનઉપયોગી વાહનો (બોલેરો જીપો, મોડેલ ૨૦૦૪, ડીઝલ) (૧) જીજે-૧૮-જી-૧૭૩૭ (૨) જીજે-૧૮-જી-૧૭૩૮ અને ટાયર ટ્યૂબો જેવી છે તેવી હાલતમાં | (૧) રૂ. ૬૦૦/- (૨) રૂ. ૫૦૦૦/- |

માહિતી/૧૬૨૭/૧૩-૧૪